સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

આજ્ઞાધીન સાહેબો પર મીઠી નજર થાય છે,
ને કેન્દ્રમાં ગુજ્જુ અફસરોની કદર થાય છે.
આદર થાય છે એમની નિઃશંક વફાદારીનો -
કોરે મૂકી કાયદા આદેશોનો અમલ થાય છે...

હાઈકુ

ચૂંટણીલક્ષી,
થોરે ઢાંક્યું બજેટ -
ફૂલ-ગુલાબી...
(કમળ ને કમળો)

આવ્યો છે લાગ!
દઈ દો, કાશ્મીરમાં -
ત્રણ તલ્લાક!
(સેના પર FIR)

ચિંતન

તમઃ શ્વભ્રનિભં દૃષ્ટં વર્ષબુદ્બુદસંનિભમ્ ।
નાશપ્રાયં સુખાદ્ધીનં નાશોત્તરમ્ ભાવગમ્ ॥

ઉપરોક્ત શ્લોક બૃહદારણ્યક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આ જગત અંધારી ગુફા / ગર્તા જેવું તેમજ વર્ષાના પરપોટા જેવું નાશપ્રાય, સુખરહિત અને નાશ પછી અભાવને પ્રાપ્ત કરવાવાળું છે.

આમ, શ્રુતિ-સ્મૃતિમાં જગતનું મિથ્યાત્વ / અસત્પણું પ્રતિપાદિત થયેલું જોવા મળે છે. માયા સત અને અસત એ બંનેથી વિલક્ષણ છે તેથી અવ્યાખ્યેયા છે. એવી વ્યાખ્યા આપવામાં આવી છે.

સ્વપ્નાવસ્થામાં જોયેલા પદાર્થોનું મિથ્યાત્વ તો આપણને જાગ્રત થતાંવેત સમજાય છે, એ સાચી વાત છે પરંતુ જીંદગીભર આપણી આસપાસ જોયેલા જાણેલા સેંકડો જાગતિક પદાર્થોને મિથ્યા કેવી રીતે ગણી શકાય ? આવી શંકાઓના નિરસન કાજે શંકરાચાર્યે સત્યને પ્રાતિભાસિક, વ્યવહારિક અને પારમર્થિક અર્થમાં પેશ કર્યું છે અને સ્વપ્નાવસ્થાની પ્રતિભાસિક સત્તાની માફક જગતની વ્યવહારિક સત્તાને મૂલવીને પરમ તત્વનાં પારમાર્થિક સત્યને પ્રતિપાદિત કર્યું છે.

સુવિચાર

- જો તમે કામ ન કરતા હો તો તમારે ખાવું પણ ન જોઈએ - **બાઈબલ**
- બીજાઓની ટીકામાં જેટલો સમય બગાડો છો,
  એનાથી અડધો સમય પણ જો પોતાની ટીકામાં બગાડશો તો મહાન થઈ જશો - **વિનોબા**
- સમજણ પાસે નિષ્ફળ યાચના સારી,
  પણ દુર્જન પાસે સફળ યાચના પણ ખરાબ છે - **કવિ કાલિદાસ**
- જે લોકો તમાકુની કિંમત બારમતી ચોખા કરતાંય વધુ આપે છે
  એમની અક્કલ કેવી અને કેટલી હશે - **મુંબઈ સમાચાર**
- શિક્ષણ એ તો 'ચેતનની ખેતી' છે,
  ચેતનની ખેતીમાં મરેલો શિક્ષક નભાવી લેવો પડે તો દેશને ગરીબ રહેવું જ પડશે - **રાજગોપાલાચારી**
- આત્મા પોતાની સાથે વાતચીત કરે તે જ મનન કહેવાય છે - **પ્લેટો**
- આજનું ઔષધ : લક્ષ્મણનાના કંદને દૂધમાં ઘસીને પીવાથી વાંઝણી સ્ત્રીઓનું ગર્ભાશય શુદ્ધ થઈ ગર્ભ રહે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

અમેરિકાના ફિલાડેલ્ફીયાની આ વાત છે. આધેડ વયનું એક શ્રીમંત દંપત્તિ ગાડી લઈને ફરવા નીકળ્યું હતું. ત્યાં ઓચિંતા વરસાદ ચૂટી પડ્યો. ગાડી જરાય આગળ જાય એમ નહોતું ત્યાં રસ્તામાં નાનકડી મોટેલ દેખાઈ.

વરસાદમાં ભીંજાયેલા થાકેલા આ દંપત્તિએ મોટેલના મેનેજરને રૂમ માટે પૂછ્યું. મેનેજર ખૂબ વિનયી અને કુશળ હતો. તેણે કહ્યું, 'આજે મારી મોટેલમાં એક પણ રૂમ ખાલી નથી પણ આપની હાલત જોઈને હું મારો રૂમ તમને ખાલી કરી આપું છું.' દંપત્તિએ પૂછ્યું, 'તો પછી આ વરસાદી રાતમાં તમે શું કરશો ?' મેનેજરે કહ્યું, 'આપ મારી ચિંતા ન કરશો. આપ આરામ કરો.'

મોટેલના મેનેજરે પોતાની રુમ ખાલી કરી આપી અને લોબીમાં બે ટેબલ ભેગા કરી પોતાની પથારી કરી રાત ગાળી. સવારે દંપત્તિએ મોટેલમાંથી વિદાય લીધી અને મેનેજરનું નામ સરનામું નોંધી લીધું.

થોડા વખત પછી મેનેજરને ટપાલમાં પેલા શ્રીમંત દંપત્તિનો પત્ર મળ્યો એમાં ન્યુયોર્કની ફ્લાઈટની ટીકીટ હતી. મેનેજર ન્યુયોર્ક ગયો. આલીશાન મકાનમાં દંપત્તિને મળ્યો. તેને લઈ દંપત્તિ શાનદાર આલીશાન હોટેલમાં લઈ ગયા અને કહ્યું, શ્રીમાન, આપે કરેલો ઉપકાર અમને યાદ છે. તમારો અભિગમ અમને ખૂબ સ્પર્શી ગયો. આ હોટલમાં આપ આજથી જ મેનેજર છો. તમારા જેવા મેનેજર હોય તો જ આ હોટેલની નામના થાય.

પોતાના એક સામાન્ય માનવતાભર્યાં કામની આટલી મોટી કદર થશે એવી મેનેજરને આશા નહોતી. એ શ્રીમંત દંપત્તિ હતું શ્રીમાન અને શ્રીમતી એસ્ટોર.

ચૂંટણીલક્ષી છતાં નિરાશાજનક બજેટ

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટી પાસે મનમોહનસિંહ, મોન્ટેકસિંહ આહલુવાલિયા કે ચિદંબરમ્ જેવા કોઈ અર્થશાસ્ત્રી નાણામંત્રી હોય તો લોકસભાની ચૂંટણી પહેલાનું બજેટ આટલું નીરસ અને નિરાશાજનક ન હોત. યશવંત સિંહા, સુબ્રહ્મણ્યમ સ્વામી અને અરુણ શૌરી જેવા હાથવગા તજજ્ઞોને નાણામંત્રી બનાવવાને બદલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના વિશ્વાસુ ધારાશાસ્ત્રીના હવાલે નાણાં ખાતું કરીને એક જોખમ તો ઉઠાવ્યું જ હતું. રઘુરાજ રામન અને અરવિંદ પાનગઢિયા જેવા તજજ્ઞોની સેવા પણ તેઓ લાંબા વખત માટે ન લઈ શકયા, જેનું કારણ એમની એકહથ્થુ અને સ્વકેન્દ્રી શાસનપદ્ધતિ જ ગણાય. આથી કેન્દ્ર દ્વારા બધા ક્ષેત્રોમાં કંઈને કંઈ નવા ગતકડાં કાઢવાની મોદીપ્રકૃતિએ જેમ પરંપરાથી પ્રસ્થાપિત યોજના આયોગનો વીંટો વાળી દીધો અથવા ન્યાયમૂર્તિઓની નિમણૂકમાં સુપ્રીમ કોર્ટની પ્રસ્થાપિત ચયન પદ્ધતિમાં જે રીતનો ચંચુપાત કર્યો એમ હવે ભારતનું નાણાંકીય વર્ષ પણ એપ્રિલથી માર્ચને બદલે જાન્યુઆરીથી ડિસેમ્બર કરવાનો ઈરાદો આ બજેટમાં તો સિદ્ધ નથી થઈ શક્યો પરંતુ ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં રજૂ કરવામાં આવતું બજેટ ફેબ્રુઆરીના પહેલા જ દિવસે રજૂ કરવાનું ગતકડું તો સરકારે કાઢી જ બતાવ્યું છે. બજેટમાં સૌથી પહેલું ધ્યાન એનું ઓછામાં ઓછી રાહતો આપવાના કંજૂસાઈભર્યા વલણ તરફ ખેંચાય છે. હેલ્થ ઈન્શ્યોરન્સ - પાંચ લાખ સુધીનું કવરેજ આવકારદાયક પગલું છે. અરુણ જેટલીને કે મોદીને જાણે પોતાના ખિસામાંથી પૈસા કાઢવાનો હોય એમ આવકવેરામાં કોઈ જ છૂટ અપાઈ નથી. પ્રજાને તો મોદીના ફૂલે ગુલાબી ભાષણો સાંભળીને મોટી આશાઓ બંધાઈ હતી. પરંતુ એ ધરાર ખોટી પડી છે. ખેતી અને ગરીબો માટે અનેક જાહેરાતો કરાઈ છે ખરી પણ એમનો અમલ કયારે અને કઈ રીતે થશે એ તો ફક્ત મોદી-જેટલીની જુગલજોડી જ જાણતી હશે. બહુ બહુ તો શૌરી જેને અઢી માણસોની સરકાર કહે છે તે પૈકીના ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને એનો અણસાર હોઈ શકે છે. જો કે જેમ દરેકના ખાતામાં પંદર લાખ જમા કરાશે એવું ચૂંટણી વચન અપાયેલું અને પછી અમિત શાહે એને 'ચૂંટણી ગતકડું' - ચુનાવી જુમલો કહી હસી કાઢેલું એવું જ કંઈક ખેડૂતો માટે મોટા ઉપાડે કરાયેલી જાહેરાતોમાં નહીં જ થાય તે કહેવું કે ભાખવું અઘરું છે. ખેડૂતોને તેમની ખેતપેદાશોની પડતર કિંમત પર ૫૦ ટકા વધારો આપવાની વાત કરાઈ છે પણ નિષ્ણાંતોના મતાનુસાર એ મે, ૨૦૧૯ પહેલાં શક્ય નથી. આમ ઘોડાના મોઢા આગળ ગાજર લટકાવી રાખવા જેવું આ વચન છે. ગામડાંના વિકાસ માટે બ્રોડબેન્ડ સેવા અને પંચાયતોને મજબૂત કરવાની રજૂઆત કરાઈ છે. હવાઈયાત્રા સસ્તી કરી ગામડાના માનવીને પણ વિમાના મૂસાફરી કરાવીને મોદી ગામડામાં લોકપ્રિય થવા માગે છે. એરપોર્ટો અને રેલવે સંદર્ભે લખલૂટ ખર્ચ કરવાની યોજના છે. યુવાનોને રોજગારી આપવામાં નિષ્ફળ રહેલી સરકાર કયારે અને કેવી રીતે રોજગારી ઉપલબ્ધ કરાવશે તે કહી શકાય એમ નથી. ભજિયાં વેચનાર માટે લોન આપવી તે પણ રોજગારી જ ગણાય એવા મોદીવચનની આશાસ્પદ ગ્રેજ્યુએટો અને ડબલ ગ્રેજ્યુએટોએ સરકારી નોકરીની આશા છોડી જ દીધી હશે. મધ્યમવર્ગ માટે નિરાશાજનક આ બજેટમાં વડાપ્રધાન કે રાષ્ટ્રપતિના પ્રવાસ ખર્ચમાં કોઈ ઘટાડાની દરખાસ્ત નથી! ઉદ્યોગપતિઓ અને મોટા કોન્ટ્રાકટરો માટે બજેટમાં અબજો કમાઈ લેવાની જોગવાઈ છે. બધી જ રેલવે લાઈને બ્રોડગેજમાં ફેરવાશે, વળી છસો રેલવે સ્ટેશનો રિ ડેવલપ થશે. આરોગ્ય અને શિક્ષણની ચિંતા કરનારી સરકાર બંધ થઈ ગયેલી અને થઈ રહેલી સરકારી શાળાઓને પુનઃ કાર્યરત કરશે ખરી ? સૌ જાણે છે કે સરકારની એવી કોઈ દાનત જ નથી. શહેરલક્ષી ભારતીય જનતા પાર્ટીની સરકાર હવે ખેડૂતો અને ગામડાં તરફ વળી હોય તો એનું એટલું જ કારણ છે કે ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં ખેડૂતોએ અને ગામડાંએ ભાજપને જાકારો આપેલ છે. મોદી કોઈ પણ સંજોગોમાં ગામડાં અને ખેડૂતોને રાજીપો હાંસલ કરવા માગે છે. એ માટેનાં નક્કર પગલાંમાં તો ખેડૂતોના દેવા માફ કરવાનું પગલું મોખરે ગણાય. પણ એવું ઉદાર વલણ દાખવવા આ વેપારી વર્ગમાંથી આવતા નેતાઓ કે 'લાલા પાર્ટી' ની મૂળ ઓળખ ધરાવતી સત્તાધારી પાર્ટી તૈયાર નથી. નોકરિયાતોને ૪૦,૦૦૦ ની ટેક્સ રિલીફ આપીને જરૂર ખુશ કર્યા છે. પરંતુ મધ્યમ વર્ગને તો મોદી આ કાળઝાળ મોંઘવારીમાં પાંચ લાખ નહીં તો છેવટે ત્રણ લાખ સુધી આવકવેરો ભરવામાંથી છૂટ આપે એવી અપેક્ષા હતી, જે અધૂરી જ રહેવા પામી છે.

આપણે ઘર-વ્યવસાયમાં દીપક કેમ પ્રગટાવીએ છીએ ?

રંગ-ઉમંગ

કાનન ઓઝા

આદિ માનવની બધી જ જાણીતી ઉપલબ્ધિઓમાં જે બે અગત્યની ઉપલબ્ધિઓ ગણવામાં આવે છે. તેમાં અગ્નિની શોધ અને પૈડાંની શોધનો સમાવેશ થાય છે. અગ્નિની શોધ માનવજીવનમાં ક્રાંતિ લાવી દીધી હતી. અગ્નિ વડે તેણે ગરમી તો મેળવી પણ સાથે-સાથે પ્રકાશ પણ મેળવ્યો. તેણે જોયું કે રાત્રિના ઘોર અંધકારમાં અગ્નિની જવાળા દૂર સુધી જોવામાં તેને મદદરુપ થતી હતી. આ સિવાય જે બીજો લાભ થયો તે એ હતો કે જંગલી પ્રાણીઓ અગ્નિની જવાળા જોઈ ડરીને દૂર ભાગી જતાં હતા.

એ અગ્નિનમાંથી જ જન્મ થયો દીપકનો. અગાઉના સમયમાં વીજળી ન હતી કે ન હતો તેનો ઝળહળતો પ્રકાશ. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય મનુષ્ય જીવન નિર્વાહ માટેની પોતાની પ્રવૃત્તિઓમાં ગાળતો હતો. રાત્રિનાં પોતાની પ્રવૃત્તિઓમાં ગાળતો હતો. રાત્રિનાં અંધકારમાં ટમટમતો દીપક જે તેનો પ્રકાશ આપી તેની આજુબાજુના વાતાવરણને ચેતનમય બનાવતો હતો.

આમ માનવે જોયું કે દીપક અંધકારનો નાશ કરે છે. વાતાવરણને તેજોમય બનાવે છે અને વળી એક દીપક અને દીપકને પ્રગટાવી શકે છે. ઘરના ઓરડામાં જયારે આછો અંધકાર હોય છે અને ઘરના ગોખમાં પોતાની આસ્થાનું પ્રતીક છબિ કે મૂર્તિ કે સ્વરુપે હોય છે. ત્યારે માનવે તેની પાસે નાનકડાં દીપકને પ્રગટાવવાનું શરુ કર્યું હતું. જે સમય જતાં એક પરંપરા બની ગઈ હતી. આ પરંપરા આગળ જતાં વિસ્તરીને વ્યવસાયનાં સ્થાન સુધી પહોંચી ગઈ હતી.

ભારતનાં કરોડો ઘર અને વ્યવસાયનાં સ્થળોએ દીપકને ખૂબ જ માનપૂર્વક, સ્નેહપૂર્વક અને અનન્ય આસ્થાની એ અનન્ય શક્તિ પાસે 'સર્વ મંગલ થાઓ' ની પ્રાર્થના કરવામાં આવે છે.

આ મંગળ પ્રકાશમય પરંપરા આપણે ત્યાં હવે દરેક મહત્ત્વનાં પ્રસંગોએ જોવા મળે છે. ઉદ્ઘાટન, જન્મદિનની ઉજવણી, લગ્ન કે તહેવારોમાં દીપકનું સ્થાન અચૂકપણે નક્કી હોય છે.

કેટલાંક મંદિરોમાં અખંડ દીપક પ્રગટાવેલો રાખવામાં આવે છે. જયારે આજે પણ ઘણાં ઘરોમાં પીવાનું પાણી જયાં રાખવામાં આવે છે તે પાણિયારામાં સવાર ને સાંજ દીપક પ્રગટાવવાનો રિવાજ છે. જળ અને પ્રકાશનો આવો સુંદર સંગમ ફક્ત ભારતમાં જ જોવા મળે છે.

ભારતમાં કરોડો ઘરોમાં આ રીતે દીપકને અને તે પણ શુદ્ધ ઘીના દીપકને પ્રગટાવવા પાછળ શું કોઈ વૈજ્ઞાનિક કારણ હોઈ શકે તેનો સવાલ રશિયન વૈજ્ઞાનિકોને થયેલો. તેઓએ એક ઓરડામાં આ રીતે ઘીનો દીવો અખંડ રીતે રાખી એ. ઓરડાના વાતાવરણની પરીક્ષા કરી હતી. તેઓને જે તથ્ય જાણવા મળ્યું તે એ હતું કે ઘીના દીપકમાંથી ક્રૂમસેર નીકળે છે. તેનાથી વાતાવરણમાં રહેલા સૂક્ષ્મ પણ બિનઆરોગ્યપ્રદ જીવાણુઓ નાશ પામે છે અને હવા શુદ્ધ બને છે.

ધાર્મિક માન્યતા પ્રમાણે શેતાની શક્તિઓ હંમેશા અંધકારમાં જ પોતાનું કાર્ય કરતી હોય છે. મનુષ્યનું મન પણ એવું જ છે કે અંધકારમાં તેને નકામા, ગંદા, અપવિત્ર કામો કરવાનું મન થાય છે. તેથી જોવામાં આવ્યું છે કે ચોરી, બળાત્કાર જેવાં પાપકર્મો અંધકારમાં થતા હોય છે. પરંતુ જયાં પ્રકાશ થાય છે કે તરત બધી જ આવી મલીન શક્તિઓ દૂર ભાગે છે. આમ દીપક શુભકર્મોનો સાક્ષી છે.

દીપક એ આદિ માનવની શરુઆતની મહત્ત્વની ઉપલબ્ધિઓમાંનું અગત્યનું પ્રતીક છે. તેથી ભારતના જનજીવનમાં તેનું સ્થાન અચળ અને અનુપમ છે. અંધકારને દૂર કરતાં આ તેજોમય પ્રતીકને અજ્ઞાનતા દૂર કરનાર પ્રતીક તરીકે પણ ઘણા લોકો પૂજે છે.

લાઉડ સ્પીકરની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?

વિજ્ઞાનજગત

૧ ફોટોગ્રાફીમાં નીચેનામાંથી કયા રસાયણ ઉપયોગ થાય છે ?
(અ) સિલ્વર બ્રોમાઈડ (બ) મિથાઈલ બ્રોમાઈડ
(ક) સિલ્વર નાઈટ્રેટ (ડ) સિલ્વર ફોસ્ફેટ

૨ સ્ટેનલેસ સ્ટીલમાં નીચેનામાંથી કઈ ધાતુ ઉપયોગમાં લેવાતી નથી ?
(અ) લોખંડ (બ) ક્રોમિયમ
(ક) નિકલ (ડ) એલ્યુમિયમ

૩ કયા વાયુથી ફૂલોનો રંગ ઉડી જાય છે?
(અ) નાઈટ્રોજન ડાયોકસાઈડ (બ) સલ્ફર ડાયોકસાઈડ
(ક) કલોરિન (ડ) એમોનિયા

૪ લાઉડ સ્પીકરની શોધ કયા વૈજ્ઞાનિકે કરી હતી ?
(અ) ડેનિશ પેપિન (બ) હોરેસ શોર્ટ
(ક) થોમસ આલ્વા એડિશન (ડ) માર્કોની

૫ આતશબાજીમાં જોવા મળતો લીલો રંગ કયા પદાર્થના કારણે હોય છે ?
(અ) બેરિયમ (બ) મેગ્નેશિયમ
(ક) સોડિયમ (ડ) સીજીયમ

૬ રસીના શોધક એડવર્ડ જેનર કયા દેશના વૈજ્ઞાનિક હતા ?
(અ) સ્કોટલેન્ડ (બ) વેલ્સ
(ક) ઈંગ્લેન્ડ (ડ) આયર્લેન્ડ

૭ હાઈડ્રોજન સલ્ફાઈડને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(અ) લાફીંગ ગેસ (બ) અશ્રવાયુ
(ક) નિસ્ક્રિય વાયુ (ડ) દહનશીલ વાયુ

૮ ડિફથેરિયા રોગથી શરીરનું કયું પ્રભાવિત થાય છે ?
(અ) અન્નનળી (બ) જઠર
(ક) ફેફસાં (ડ) શ્વાસનળી

૯ આંબલીમાં કયો એસિડ હોય છે?
(અ) ટાર્ટરિક એસિડ (બ) એસીટીક એસિડ
(ક) બાર્બરીક એસિડ (ડ) ફોર્મિક એસિડ

૧૦ પરમાણુની સૌ પ્રતમ વિભાવના કોણે આપી હતી ?
(અ) આર્યભટ્ટે (બ) ભાસ્કરાચાર્યે
(ક) કણાદે (ડ) મૂળરાજ સોલંકી

૧૧ મનુષ્યે ચંદ્ર પર સૌ પ્રથમ પગ કયારે મૂક્યો ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૯
(ક) ૧૯૭૨ (ડ) ૧૯૭૫

૧૨ સેફ્ટી મેચની શોધ કોણે કરી હતી ?
(અ) જે પ્રિસ્ટલે (બ) કાર્લ બેન્ઝે
(ક) જોન વૉકર (ડ) હેનરી

૧૩ ભારતમાં પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબીનો જન્મ કયાં થયો હતો ?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) ચેન્નાઈ (ડ) બેંગ્લોર

૧૪ કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા વિજ્ઞાન માટેનો 'કલીંગ પુરસ્કાર' આપે છે ?
(અ) યુએન (બ) યુનિસેફ
(ક) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડ) યુનેસ્કો

૧૫ નીચેનામાંથી કયા વૈજ્ઞાનિકને ભારતરત્નથી નવાઝવામાં આવ્યા છે ?
(અ) સી.વી. રામન (બ) ડૉ. હોમીભાભા
(ક) અબ્દુલ કલામ (ડ) વિક્રમ સારાભાઈ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ

- **૧ ફેબ્રુઆરી ૧૯૧૬ : વેણીભાઈ પુરોહિત :** જામ ખંભાળીયામાં જન્મ. પત્રકારત્વનો વ્યવસાય અપનાવી મુંબઈ સ્થાયી થયા. કવિતાની સાથે વાર્તાઓ પણ લખી. 'અંતરના દીવા'માં જે સંગ્રહિત છે. 'સિંજારવ', 'દીપ્તિ' અને આચમન તેમના કાવ્ય સંગ્રહો છે. ૧૯૮૦માં તેમનું નિધન થયું.
- **૨ ફેબ્રુઆરી ૧૮૫૯ : ડો. હેન્ટરી હેવલોક :** ઈંગ્લેન્ડના કોમડન નામના નાનકડાં ગામમાં જન્મ. યૌન વિજ્ઞાનના મુખ્ય પ્રણેતા. જાતીય વિજ્ઞાન પર સાત જેટલા ગ્રંથો લખ્યા. સાહિત્ય અને કલા પર નિબંધો લખ્યા. ૧૯૩૯માં અવસાન પામ્યા.
- **૩ ફેબ્રુઆરી ૧૯૧૪ : લીલાબેન પટેલ :** વડોદરામાં જન્મ. ડિપ્લોમા ઈન બેઝીક એજ્યુકેશન અને મોન્ટેસરી જેવી શિક્ષણોપયોગી પદવીઓ મેળવી. 'સ્ત્રી' સામયિક તેમજ 'સ્ત્રી નિકેતન' સંસ્થામાં લાંબા સમય સુધી સેવા આપી. સ્ત્રીઓના શોષણ અને કુરિવાજો સામે લડત આપવા 'સંદેશ'માં ચંતરંગ કોલમ દ્વારા કામ કર્યું ૨૦૦૪માં અવસાન થયું.
- **૪ ફેબ્રુઆરી ૧૯૩૮ : બિરજુ મહારાજ :** વારાણસીમાં જન્મેલા પંડિત બિરજુ મહારાજ કથ્થક નૃત્યશૈલીના શિરમોર હતા. તેમની સેવાઓ બદલ ભારત સરકારે ૧૯૮૬માં ભારત સરકારે પદ્મવિભૂષણથી નવાજવા હતા.
- **૫ ફેબ્રુઆરી ૧૯૩૮ : રઘુવીર ચૌધરી :** માણસા તાલુકાના બાપુપુરા ગામમાં જન્મ. કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, નાટ્યકાર, વિવેચક, અનુવાદક, અને પત્રકાર એવા રઘુવીર ચૌધરીને સાહિત્યનો શ્રેષ્ઠ જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો. ૧૯૬૦માં 'પૂર્વકથા', 'લાગણી' જેવી નોંધપાત્ર નવલકથાઓનું સર્જન કર્યું. રણજીતરામ સુવર્ણચંદ્રક, નર્મદ ચંદ્રક, સાહિત્ય અકાદમીનો એવોર્ડ જેવા ઘણાં સન્માન તેમણે મેળવ્યાં.
- **૬ ફેબ્રુઆરી ૧૮૬૧ : મોતીલાલ નહેરુ :** આગ્રા મુકામે જન્મ. ભારતીય રાજનીતિના ઉજ્વળ તારક, બી.એ. સુધી અભ્યાસ કરી વકીલાતનો અભ્યાસ કર્યો. પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા મોતીલાલે રાજમહેલ જેવું તેમનું નિવાસ દેશને અર્પણ કરી દીધું હતું. ૧૯૩૧માં અવસાન થયું.
- **૭ ફેબ્રુઆરી ૧૮૧૨ : ચાર્લ્સ ડિકશન :** બ્રિટીશ લેખક ચાર્લ્સ ડિકશનનો જન્મ બ્રિટનના પોર્ટસીમાં થયો હતો. આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી બાળપણમાં કારખાનામાં શીશીઓ ધોવાનું કામ કરતાં. ગજબની કલ્પના શક્તિના લીધે સામાન્ય પત્રકારમાંથી ઈંગ્લેન્ડના લોકપ્રિય લેખક બની ગયા. ત્રણ હજાર પાત્રોનું સર્જન કર્યું. ૧૮૭૦માં અવસાન થયું.

ગત સપ્તાહના સવાલનો જવાબ

મધ્યપ્રદેશના ગર્વનર તરીકે કોને ખસેડીને આનંદીબેનને રાજ્યપાલ બનાવવામાં આવ્યા ?

જવાબ : ઓમ પ્રકાશ કોહલી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

ખજાનો

અનિલ પટેલ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

હાલનાં ઈસરોના ડાયરેકટર કોણ છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

મુક્તકોમાં વહેતી નીતિ-સરિતા

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

સંસ્કૃત સાહિત્યમાં સુભાષિતોનું વિશિષ્ટ સ્થાન છે. એમાં મુક્તકોમાં કાવ્યતત્વ સાથે નીતિમત્તાનો સમન્વય છે. પ્રેરણાદાયી વિચાર હોય છે. જેમ કે,

(૧) લોભિયા માણસને પૈસોજ દેખાય, આપત્તિ નહિ. બિલાડો દૂધ જ જુએ, લાકડીના પ્રહારને નહી.

(૨) દિવસને અંતે દૂધ પીવે, રાત્રિને અંતે પાણી પીવે, જમ્યા પછી છાશ પીવે, હવે આને વૈધની જરૂર જ શી?

(૩) જેવો દેશ એવી ભાષા, જેવો નેતા એવી પ્રજા, જેવી ભૂમિ એવું પાણી, જેવું બીજ એવો અંકુર.

(૪) ગંગા જેવું તીર્થ નહિ, માતા જેવો ગુરૂ નહી, વિષ્ણુ જેવા દેવ નહિ, રામાયણથી વધુ કોઇ ગ્રંથ નહી.

(૫) પ્રવાસમાં મિત્ર વિદ્યા, ગૃહમાં મિત્ર પત્ની; રોગીને મિત્ર ઔષધ; મરણશીલ મનુષ્યનો મિત્ર ધર્મ.

(૬) દેહ છે એ જ મંદિર કહેવાય, એમાં પરમાત્મા એ દેવ છે. હૃદય એનું આસન છે. એમાં હંમેસાં જીવાત્મા એની પૂજા કરનારો છે.

(૭) વાદળ દેખાય એટલે કોકિલ મૌન રહે એજ સારું, દેડકાંઓ જ્યાં બોલ બોલ કરતા હોય ત્યાં મૌન જ શોભા આપે.

(૮) આ શરીર વારાણસી છે. જ્ઞાન ત્રણેય લોકની માતા ગંગા છે. શ્રદ્ધા અને ભક્તિ ગયા છે. ગુરુચરણોમાં ધ્યાન એ પ્રયાગ છે. સૌકોઇના અંતઃકરણનો સાક્ષી અંતરાત્મા વિશ્વનાથ છે. મારા આ દેહમાં જ બધાં તીર્થો છે : પણ બીજાં કોઇ તીર્થ ક્યાંથી હોય?

(૯) ધર્મનું આ જ સર્વસ્વ છે, એ સાંભળ, સાંભળીને હૃદયમાં ધારણ કરી લે. પોતાને માટે જે પ્રતિકૂળ હોય એવું આચરણ બીજા સાથે કયારેક ન કરવું.

(૧૦) ઊંચા હાથ કરીને હું પોકારું છું, પણ મને કોઈ સાંભળતું નથી. ધર્મ થકી અર્થની અને કામની પ્રાપ્તિ છે; તો એ (ધર્મ) ને કોઈ સેવતું કેમ નથી ?

(૧૧) આ સંસાર અસાર જ છે તેમાં સારરુપ સસરાનું ઘર છે. શિવ હિમાલયમાં સૂવે છે, વિષ્ણુ સમુદ્રમાં સૂવે છે.

(૧૨) બીજાની સ્ત્રી, બીજાની સંપત્તિ અને બીજાના દ્રોહથી એકદમ વિમુખ રહે છે તેની બાબતે ગંગા કહે છે : 'કયારે આવીને આ મને પવિત્ર કરશે ?'

(૧૩) હે કૃષ્ણ ! પરાણે મારો હાથ છોડાવીને તું જતો રહ્યો, એમાં શું કમાલ કરી? મારા હૃદયમાંથી જતો રહે, તો તને પરાક્રમી માનું.

(૧૪) કરોડો ગ્રંથો કહે છે કે, તે હું તને અર્ધા વાક્યમાં કહું છું - બીજા ઉપર ઉપકાર, પુણ્ય માટે છે, બીજાને પીડા, પાપને માટે છે.

(૧૫) સારા આચરણથી પિતાને ખુશ રાખે, એ પુત્ર. પતિનું હંમેશા હિત જ ઈચ્છે, એ પત્ની. આપત્તિમાં અને સુખમાં સરખી સહાય કરે, એ મિત્ર. દુનિયામાં પુણ્યશાળીને જ આ ત્રણ મળે.

(૧૬) ચિતા અને ચિંતા સરખી જ કહેવાય. માત્ર અનુસ્વાર જ વધારાનો. ચિતા નિર્જીવને બાળે પરંતુ ચિંતા જીવતાને બાળે.